પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૩૨ | ૧૩ એપ્રિલ, ૨૦૧૯, શનિવાર; ચૈત્ર સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

## ન્યુઝ ટ્રેક

### માલ્યાની પુનઃ અરજી

ભાગેડુ બિઝનેસમેન વિજય માલ્યાના પ્રત્યાર્પણ વિરૂદ્ધ યુકેની હાઈકોર્ટમાં પુનઃ અરજી દાખલ કરવામાં આવી છે. પ્રથમ યાચિકા ૫ એપ્રિલના રોજ ફગાવી દેવામાં આવી હતી. નીચલી કોર્ટ, યુકેના ગૃહ વિભાગે માલ્યાનુ પ્રત્યાર્પણ મંજૂર કર્યુ હતુ. નવી અરજી પર હાઈકોર્ટ સુનાવણીની તારીખ નક્કી કરશે.

### કૃષ્ણા તીરથે ભાજપ છોડ્યુ

પૂર્વ કેન્દ્રિયમંત્રી કૃષ્ણા તીરથે ભાજપ છોડી દીધુ છે. તેઓ ફરીથી કોંગ્રેસમાં જોડાશે. તેઓ ૨૦૧૫માં કોંગ્રેસ છોડી ભાજપમાં સામેલ થયા હતા. કૃષ્ણા તીરથ મનમોહન સરકારમાં બાળ વિકાસ મંત્રી રહી ચૂક્યા છે.

# રાજકીય પક્ષો ચૂંટણી બોન્ડની વિગતો પંચને સોંપે : સુપ્રીમ

**ચૂંટણી બોન્ડ્સને લઇને સુપ્રીમ કોર્ટનો અતિમત્વપૂર્ણ આદેશ : ૩૦મી મે સુધીમાં ડોનેશન માટેની માહિતી ચૂંટણી પંચને સોંપી દેવા રાજકીય પક્ષોને સુપ્રીમ કોર્ટનો સ્પષ્ટ આદેશ : બોન્ડની કાયદેસરતાના સંદર્ભમાં ચુકાદો**

નવી દિલ્હી,તા. ૧૨

ચૂંટણી બોન્ડસની કાયદેસરતાને લઈને સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે આજે મોટો અને કઠોર નિર્ણય કર્યો હતો. ચૂંટણી બોન્ડ્સ પર સુપ્રીમ કોર્ટે લાલઆંખ કરીને ૩૦મી મે સુધી તમામ રાજકીય પક્ષોને કોની પાસેથી કેટલી રકમ મળી છે તે અંગે ચૂંટણી પંચને માહિતી આપી દેવા સ્પષ્ટ સૂચના આપી છે. રાજકીય પક્ષોને એક ચોક્કસ મહેતલ આપવામાં આવ્યા બાદ રાજકીય પક્ષોમાં ખળભળાટ મચી ગયો છે. સીલબંધ કવરમાં ૧૫મી મે સુધી ડોનેશન અંગેની માહિતી આપવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી છે. એસોસિએશન ઓફ ડેમોક્રેટિક રિફોર્મ નામના એનજીઓ દ્વારા સુપ્રીમ કોર્ટમાં જનહિતની અરજી દાખલ કરવામાં આવી હતી. એનજીઓ તરફથી તર્કદાર દલીલો કરવામાં આવી હતી. ભાજપને વર્ષ ૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં ૯૯૭ કરોડ અને ૯૯૦ કરોડ રૂપિયા મળ્યા છે જે કોંગ્રેસને મળેલી રકમ કરતા પાંચ ગણી વધારે છે. ચૂંટણી પંચના વકીલે કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૭-૧૮માં ભાજપને ૫૨૦ ઈલેક્ટ્રોરલ બોન્ડ મળ્યા હતા જેની કિંમત ૨૨૨ કરોડ

● અનુસંધાન પાન-૭ પર

# દેશમાં બે પીએમની વાત પર શરદ પવાર મૌન કેમ : મોદી

**આતંકવાદીઓને હવે એક નાની ભુલ પણ ખુબ ભારે પડી શકે છે : ત્રાસવાદીઓમાં હવે ખળભળાટ અને દહેશત છે**

નવીદિલ્હી, તા. ૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદી આજે પણ ઝંઝાવતી પ્રચારમાં વ્યસ્ત રહ્યા હતા. મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં ચૂંટણી પ્રચારમાં મોદી વ્યસ્ત રહ્યા હતા. સૌથી પહેલા મોદીએ મહારાષ્ટ્રના અહેમદનગરમાં ચૂંટણી સભાને સંબોધી હતી. આ ગાળા દરમિયાન મોદીએ કોંગ્રેસ અને એનસીપી ગઠબંધન ઉપર પ્રહાર કર્યા હતા. મોદીએ જમ્મુ કાશ્મીરમાં અલગ વડાપ્રધાનની વાત કરનાર ઓમર અબ્દુલ્લાના નિવેદનને લઈને આકરા પ્રહાર કર્યા હતા અને દેશમાં બે વડાપ્રધાનની વાત પર શરદ પવાર ઉપર તેજાબી પ્રહાર કર્યા હતા. વડાપ્રધાને કોંગ્રેસની ઝાટકણી કાઢતા કહ્યું હતું કે, તુગલક રોડ ચૂંટણી કૌભાંડ હવે સપાટી ઉપર આવી ચુક્યું છે. વડાપ્રધાને કહ્યું હતુ કે, જ્યારે ૨૩મી મેના દિવસે દેશમાં ફરી મોદી સરકાર આવશે ત્યારે દેશના તમામ ખેડૂતોને પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો લાભ આપવામાં આવશે. પાકિસ્તાનમાં ઘુસીને કાર્યવાહી કરવાનો ઉલ્લેખ કરતા તેમણે કહ્યું હતું કે, ત્રાસવાદીઓને હવે કોઈ એક ભુલ પણ ભારે પડી શકે છે. પહેલાના સમયમાં નબળી સરકાર હતી અને કોઈ કાર્યવાહી થતી ન હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રશિયાનાં રાષ્ટ્રપતિ પુતિન દ્વારા મોદીને સર્વોચ્ચ નાગરિક સન્માન




મોસ્કો-ન્યુ દિલ્હી,તા.૧૨

દેશમાં વિપક્ષનાં નિશાના પર રહેતા વડાપ્રધાન નરેન્દ્ર મોદી માટે રશિયાથી સારી ખબર આવી છે. નરેન્દ્ર મોદીને દુનિયાનું સૌથી મોટું સન્માન મળ્યું છે. રશિયાએ પીએમ મોદીને પોતાનું સર્વોચ્ચ નાગરિક સન્માન આપવાનો નિર્ણય કર્યો છે. રશિયાનાં રાષ્ટ્રપતિ વ્લાદિમીર પુતિને પણ તેને મંજૂરી આપી દીધી છે. નોંધનીય છે કે છેલ્લા કેટલાક દિવસોમાં પીએમ મોદીને ઘણાં આંતરરાષ્ટ્રીય સન્માન મળી ચૂક્યાં છે. હાલમાં જ યુએઈએ પણ ઝાયદ એવોર્ડ આપવાની જાહેરાત કરી હતી.

રશિયાનાં દુતાવાસે પોતાનાં એક નિવેદનમાં કહ્યું કે, '૧૨ એપ્રિલનાં રોજ વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સેંટ એન્ડ્ર્યુ એટલે રશિયાનો સર્વોચ્ચ નાગરિક સન્માન આપવામાં આવશે.' વડાપ્રધાન મોદીને આ સન્માન ભારત અને રશિયાનાં સંબંધોને મજબૂત કરવા માટે આપવામાં આવ્યો છે.

કેટલાક દિવસ પહેલા સંયુક્ત અરબ અમીરાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને પ્રતિષ્ઠિત 'ઝાયદ મેડલ'થી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. આ સન્માન રાજાઓ, રાષ્ટ્રપતિઓ અને રાષ્ટ્ર્ધ્યક્ષોને આપવામાં આવે છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીને આ પુરસ્કાર ભારત અને સંયુક્ત અરબ અમીરાત વચ્ચેના સંબંધને વધુ ગાઢ બનાવવા માટે આપવામાં આવી રહ્યો છે. નોંધનીય છે કે પીએમ મોદીના નેતૃત્વમાં સંયુક્ત અરબ અમીરાત સાથેના સંબંધ વધુ મજબૂત બન્યા છે અને બંને દેશોના રાજકીય સંબંધોને ગાઢ બનાવવામાં પ્રધાનમંત્રી મોદીનું યોગદાન પ્રસંશનીય રહ્યું છે.










## બેસણું



અમારા ભાઈશ્રી ભગવાનભાઈ પ્રાગદાસ પટેલ
તા.૧૧-૪-૨૦૧૯ ને ગુરુવારના રોજ સદ્‌ગતિ પામેલ છે.
સ્વર્ગસ્થનું બેસણું નીચેના સ્થળે અને સમયે રાખેલ છે.

**ગાંધીનગર**
તા. ૧૪-૪-૨૦૧૯, રવિવાર
સવારે ૮ થી ૧૨ કલાકે
સૌરાષ્ટ્ર કડવા પટેલ સેવા સમાજ,
વિશ્વકર્મા મંદિરની સામે,
સેક્ટર-૧૨, ગાંધીનગર.

**જુનામાંકા**
તા. ૧૯-૪-૨૦૧૯, શુક્રવાર
સવારે ૮ થી ૧૨ કલાકે
પ.પૂ.પ્રાગદાસબાપા ગોદડીયાની રામમઢી,
મુ. જૂનામાંકા, તા. હારિજ,
જી. પાટણ (ઉ. ગુજરાત)

લી.
ખુશાલભાઈ પ્રાગદાસ પટેલ
કરશનભાઈ પ્રાગદાસ પટેલ
નારણભાઈ પ્રાગદાસ પટેલ (એન.પી. પટેલ)
તથા સમસ્ત કેશણીયા પરિવાર
વેસ્ટર્ન એગ્રી સીડ્સ પરીવાર - ગાંધીનગર